**ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી ખાતે મહેકમ મંજુર કરવા બાબત....**

**ગુજરાત સરકાર**
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
સુધાર ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2025/2795/CHH-2 Section
સચિવાલય, ગાંધીનગર.
તા.As per E-sign

**<u>વંચાણે લીધા:</u>**

(૧) વિભાગનો તા.૧૦/૦૬/૨૦૨૬ નો સમાનાંકી ઠરાવ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરનો તા.૦૧/૦૮/૨૦૨૬ નો પત્ર ક્રમાંક: સસુખા/મકમ/૨૦૨૬/૩૧૪

**<u>પ્રસ્તાવના:</u>**

ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી ખાતે હાલના ૧૧ માસ કરાર આધારિત સ્ટાફ ઉપરાંત સરકારી મહેકમની જરૂરિયાત જણાઈ રહેલ હોઈ, વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના ઠરાવથી ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી ખાતે૦૧- હિસાબી અધિકારી, ૦૧-મદદનીશ નિયામક, ૦૧-લીગલ એડવાઈઝર તથા ૦૧-ચીફ ઓફીસર એમ કુલ-૦૪ જગ્યાઓ મંજુર કરવા રૂ.૦.૦૯/-કરોડનો ખર્ચ કરવાની મંજૂરી આપેલ હતી. હવે ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક:(૨) ના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ ઉક્ત ઠરાવમાં લીગલ એડ્વાઈઝરની જગ્યામાં વિસંગતતા હોઈ તે દૂર કરવા તેમજ સરકારશ્રીના અલગ અલગ વિભાગ/ખાતામાં લીગલ એડ્વાઈઝરની જગ્યા ૧૧ માસ કરાર આધારિત ભરવામાં આવે છે. તેથી તેઓની કચેરીમાં લીગલ એડ્વાઈઝરની જગ્યા ૧૧ માસ કરાર આધારિત ભરવાની મંજુરી આપવા અત્રે દરખાસ્ત કરેલ છે.

**<u>સુધારા ઠરાવ:</u>**

પુખ્ત વિચારણાના અંતે, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી ખાતે મહેકમ મંજૂર કરવા બાબતના વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) ના ઠરાવમાં કોષ્ઠકની નીચેના ફકરામાં "**લીગલ એડવાઈઝરની જગ્યા આઉટસોર્સથી ભરવાની રહેશે.**" ને બદલે "**લીગલ એડવાઈઝરની જગ્યા ૧૧ માસ કરાર આધારિત ભરવાની રહેશે.**" તે મુજબનો સુધારો કરવામાં આવે છે.

વધુમાં લીગલ એડવાઈઝરની ભરતી કોષ્ટકમાં ક્રમ નં. ૪ મુજબ કરવાની રહેશે. તેમજ વંચાણે લીધા ક્રમાંક:૧ પરના વિભાગના ઠરાવની અન્ય તમામ શરતો યથાવત રહેશે.

આ સુધારા ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સચિવશ્રીની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

E-sign
**(જિજ્ઞા પટેલ)**
ઉપ સચિવ (સ.સુ.)
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Signature Not Verified
Signed by : Jigna M Patel
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.09.11 19:34:29 IST

- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (સા.ન્યા.) ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા/કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફ વિભાગની વેબસાઈટમાં છ-૨ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૬.

Signature Not Verified
Signed by : Jigna M Patel
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.09.11 19:34:29 IST

File No: SJED/EOD/e-file/17/2025/2795/CHH-2 Section
Approved By: Secretary,SJED

Open the document in Adobe Acrobat DC to verify the E-sign